**આંક–૦૯**

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૯/૧૧/૨૦૦૩ |
| દાખલ તારીખ | ૧૯/૧૧/૨૦૦૩ |
| ફેંસલ તારીખ | ૨૦/૧૦/૨૦૧૮ |
| સમયગાળો | વર્ષ :૧૪ માસ:૧૧ દિન:૦૧ |

**મે. મજુર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ.**

રીકવરી (૩૩–સી ૨) અરજી નં. :૧૮૨૩/૨૦૦૩

અરજદાર : અશોકકુમાર ઉમીયાશંકર જોષી,
ઠે.સોમનાથનગર–૨, મુ.પો.હારીજ, તા.જી.પાટણ.

**: વિ રૂ ધ્ધ :**

સામાવાળા : મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લીમીટેડ,
ઠે.સેકટર–૧૦/એ, બલરામ ભવન, ગાંધીનગર.

હાજર રહયા : અરજદાર તરફે : વિ.પ્ર.શ્રી હેમલ આચાર્ય
સામાવાળા તરફે : કોઈ નહીં.

**–:: ચુ કા દો ::–**

(૧) આ કામે અરજદારે આઈ.ડી.એકટ ૧૯૪૭ ની કલમ ૩૩(સી)(૨) અન્વયે હાલની અરજી કરીને જણાવેલ છે કે, તેઓ સામાવાળાની ખેરાલું ચાર્જ ઓફીસમાં ૧૯૮૨ થી તા.૯–૪–૧૯૯૧ સુધી કન્ટીજંટ કર્મચારી તરીકે અને તા.૧૦–૪–૯૧ થી આજદિન સુધી હારીજ ચાર્જ ઓફીસમાં કન્ટીજંટ કર્મચારી તરીકે કામગીરી કરતા હતાં. તેઓએ સામાવાળા વિરુધ્ધ યુનિયન મારફતે નામદાર હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ.નં.૩૩૫/૧૯૮૭ દાખલ કરી, કન્ટીજંટ કર્મચારીને કાયમી કર્મચારી ગણી તે મુજબના લાભો આપવા દાદ માંગેલ હતી. જેમાં તેઓની તરફેણમાં હુકમ પસાર થયેલ હતો. સામાવાળાએ તેની સામે એલ.પી.એ. દાખલ કરેલ, જેમાં નામદાર હાઈકોર્ટે તા.૧૯–૭–૨૦૦૩ ના રોજ આખરી હુકમ પસાર કરી સિંગલ જજ સાહેબનો હુકમ કાયમી રાખેલ અને એલ.પી.એ. રદ કરેલી. આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ તેઓ તા.૧–૧–૯૬ ના રોજથી સામાવાળી સંસ્થા પાસેથી

૨૫૦૦–૩૨૦૦ ના ગ્રેડ મુજબનો પગાર મેળવવા હકકદાર થાય છે. જેથી તેઓએ અરજી સાથેના પરિશિષ્ટ–અ માં તા.૧–૧–૯૬ થી તા.૩૦–૯–૦૩ સુધી તે મુજબના પગારની ગણતરી કરીને રૂા.૩,૮૬,૯૯૭/– સામાવાળા પાસેથી લેણી થતી હોવાનું જણાવીને તે રકમ સામાવાળા તેઓને ચુકવી આપે તેવી દાદ માંગેલ છે.

(૨) આ કામમાં સામાવાળાને નોટીસ બજી જતા તેઓએ આંક–૫ થી પત્ર રજુ કરીને જણાવેલ કે, તેઓએ નામદાર સુપ્રીમ કોર્ટ ખાતે અપીલ દાખલ કરેલ છે, જેથી તેનો નિર્ણય આવ્યા બાદ હાલના કેસમાં કાર્યવાહી કરવા અરજ કરેલ હતી. ત્યારબાદ આંક–૬ ના પત્રથી પણ તે મુજબનું કથન સામાવાળાએ કરેલ હતું અને તેની સાથે તેમના સુપ્રીમ કોર્ટના વકીલ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને લગતો પત્ર રજુ કરેલ. જેમાં તેઓએ નામદાર સુપ્રીમ કોર્ટ સમક્ષ એસ.એલ.પી.(સી) નં.૧૯૦૭૨–૧૯૦૭૩/૨૦૦૩ દાખલ કરેલ હોવાનું જણાવેલ છે.

(૩) ત્યારબાદ હાલનો કેસ લાંબા સમય સુધી પડી રહેલ હોઈ અને તે સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટની વેબસાઈટ ઉપર સદરહુ કાર્યવાહીનું કેસ રેકર્ડ તપાસ કરતાં સામાવાળાએ માર્ક ૬/૧ થી જે પત્રમાં કેસ નંબર અને પક્ષકારોનો ઉલ્લેખ કરેલ છે, તે કેસ તા.૨૫–૨–૨૦૧૦ ના રોજ ડીસ્પોઝ થઈ ગયેલ હતો. જેથી તે સંદર્ભે પક્ષકારોને આંક–૭ થી ઈન્ટીમેશન કરવામાં આવેલી. જે ઈન્ટીમેશન અરજદારને આર.પી.એ.ડી. ધ્વારા બજી ગયેલ, પરંતુ તેઓ હાજર રહેલ ન હતા, અને ટપાલ મારફતે પત્ર રજુ કરેલ હતો, જે આ કેસમાં આંક–૮ થી સામેલ રાખેલ છે. અરજદારનો તે પત્ર જોવામાં આવે તો તેઓએ અત્રેની કોર્ટની નોટીસ તેઓને મળેલ હોવાનું અને તા.૯–૧૦–૨૦૧૮ ના રોજ હાજર રહેવા માટે જણાવેલ હોવાનું કથન કરેલ છે. વધુમાં હાલની અરજી સંદર્ભે જણાવેલ છે કે, તેઓ તા.૩૦–૬–૨૦૧૨ ના રોજ સામાવાળાની ગાંધીનગર તાબાની ચાર્જ કચેરી હારીજ ખાતેથી રીટાયર થયેલ છે અને તેઓને સામાવાળા સામે કોઈપણ જાતનો અસંતોષ નથી, તે કારણે તેઓને હાલનો કેસ લડવો નથી તેમજ હાલ તેમની ઉંમર ૬૬ વર્ષની થયેલ હોય અને તબીયત સારી રહેતી ન હોઈ, જેથી અમદાવાદ ખાતે હાજર રહી શકે તેમ ન હોઈ, અને હવે તેઓને હાલના કેસ બાબતે કશુ કરવાનું રહેતું ન હોઈ, જેથી હાલનો કેસ ફાઈલે કરવા વિનંતી કરેલ છે.

આમ, અરજદારના આંક–૮ ના પત્રમાં જે કથન છે તે જોવામાં આવે તો તેઓ હવે હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવું જણાય

આવે છે અને તે સંજોગોમાં જ તેઓને ઈન્ટીમેશન કાઢેલ, જે બજી ગયેલ હોવા છતાં હાજર રહેલ નથી. જેથી હાલની રીકવરી અરજી તે સંજોગોમાં અરજદારને આગળ ચલાવવી ન હોઈ, તે કારણસર આંક–૮ ના પત્ર અનુસંધાને વિડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખ–૨૦મી, માહે–ઓકટોબર, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લાં ન્યાયાલયમાં વાંચી–સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૦–૧૦–૨૦૧૮
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ નં.૩, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.